Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपाटीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ मागशर. आत्म सं. २०. } अंक ५ मो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. વિષય. | પૃષ્ઠ. | નંબર. વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|
| માંગલિક પદ્ય. ... ... ... | ૯૯ | જૈન સમાજનું મહત્વ. ... ... | ૧૦૮ |
| શ્રી આનંદઘનજીના એક પદનો અનુવાદ. ... ... ... | ૧૦૦ | સૂક્તરત્નાવલી. ... ... ... | ૧૧૨ |
| ઐતિહાસિક સાહિત્ય. ... ... | ૧૦૧ | " ઉઘાડી છે અમે બારી. " ... | ૧૧૫ |
| જૈન ધર્મ માટે એક ગુર્જર સાક્ષરના ઉદ્ગારો. ... ... ... | ૧૦૨ | તરંગ. ... ... ... ... | ૧૧૬ |
| જૈનસાહિત્ય માટે જાહેર પત્રોની લાગણી. ... ... ... | ૧૦૪ | સમાચાર અને રીપોર્ટ. ... | ૧૧૭—૧૮ |
| | | સૌજન્યતા. ... ... ... | ૧૧૯ |
| | | ગ્રંથાવલોકન. ... ... ... | ૧૨૨ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભા તરફથી હાલના નવા છપાએલા ગ્રંથો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૦—૧૩—૦ | ૨ શ્રી કુમારપાળ પ્રબંધ | ૦—૧૪—૦ |
| ૩ ગુરૂગુણષટ્ત્રિંશિકા | ૦—૯—૦ | ૪ શ્રી ધમ્મીલ કથા. | ૦—૨—૦ |
| ૫ પ્રતિમાશતક | ૦—૮—૦ | ૬ શ્રી ધન્ના ચરિત્ર | ૦—૨—૦ |
| ૭ જ્ઞાનસાર અષ્ટકજી | ૧—૦—૦ | ૮ સમયસાર પ્રકરણમ્ | ૦—૮—૦ |
| ૯ ચૈત્યવંદન ચોવીશી | ૦—૬—૦ | ૧૦ વિવિધ પૂજા સંગ્રહ | ૦—૮—૦ |
| ૧૧ તપોરત્ન મહોદધિ ભાગ ૧—૨—૦—૮—૦ | | | |

માત્ર સંસ્કૃત ગ્રંથો જે કે આર્થિક સહાય વડે છપાવવામાં આવે છે તે મુનિ મહારાજો સાધ્વી મહારાજોને તેઓના સમુદાયના હૈયાત ( વિદ્યમાન ) વડિલ મુનિરાજની મારફત મંગાવવાથી કોઇપણ શ્રાવકના નામ ઉપર પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવે છે. અને આવા ગ્રંથના અભ્યાસી જૈન બંધુઓ લાઇબ્રેરી પાઠશાળાને માત્ર ઉપરની મુદ્દલ કિંમતે પોસ્ટેજના પૈસા સાથે વી. પી. થી મોકલવામાં આવે છે.

**તૈયાર છે. જલદી મંગાવો. તૈયાર છે.**

# તપોરત્ન મહોદધિ.

## ( તપાવલી—ભાગ ૧—૨ )

### અનેક ગ્રંથોમાંથી તમામ પ્રકારના તપોનો કરેલ સંગ્રહ.

શ્રી પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી **ભક્તિવિજયજી મહારાજ**ના અપૂર્વ પ્રયાસનું આ ફલ છે. જે કે તે બે વિભાગમાં પ્રગટ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં ૮૮ પ્રકારના આચારદિનકરમાં જણાવેલા તપોનું તથા બીજા વિભાગમાં ૭૩ પ્રકારના અન્ય ગ્રંથાદિમાં કહેલા તપોનું વર્ણન આ ગ્રંથમાં વિધિ—વિધાન સહિત ઘણી ઉંચી અને સરલ શૈલીથી આપવામાં આવેલું છે.

બંને વિભાગમાં તપ અને તેના ગુણણા વિગેરે બહુજ વિસ્તારથી આપવામાં આવેલ છે. આ ગ્રંથની અંદર અનેક ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે, તે ગ્રંથોના નામનું લીસ્ટ પણ સાથે આપવામાં આવેલ છે. વળી દરેક તપનો મહિમા વાંચવાથી હૃદયમાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. વળી તપને લગતા પ્રશ્નોત્તરો દાખલ કરી તેને ખાસ ઉપયોગી બનાવવામાં આવેલ છે. અનેક ગ્રંથો, બુકો, તપના ટીપણાઓ અને છુટક પ્રતો તેમજ ચાલુ પ્રચારથી જે જે તપો જાણવામાં આવ્યા તે તમામનો સંગ્રહ કરેલો છે જે આ ગ્રંથ સાદ્યંત વાંચવા વિચારવાથીજ તેની અપૂર્વ કિંમત થઈ શકે તેવું છે. ઉંચા એન્ટ્રીક ઈંગ્લીશ પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી પ્રતના આકારે મોટો ખર્ચ કરી છપાવવામાં આવેલ છે. બાવીશ ફરમાનો મોટો ગ્રંથ છતાં માત્ર તેની કિંમત રૂા. ૦—૮—૦ આઠ આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

સદરહુ ગ્રંથ વિવિધ તપ કરવાના અભિલાષિ સાધુ—સાધ્વીને તેમજ જે શહેરના ઉપાશ્રયમાં સંભાળથી સાચવી રાખવાનું અને તેનો યોગ્ય ઉપયોગથી કરવાનું અમોને ખાત્રીપૂર્વક જણાવવામાં આવશે તે શહેરના ઉપાશ્રય માટે, તેમજ લખેલ પુસ્તકના જ્ઞાનભંડારોને તથા જાહેર લાયબ્રેરીઓને એક એક નકલ પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात- पीडितेन तदपनयनाय हेयोपादेय– पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, मागसर. आत्म संवत् २०. [ अंक ५ मो.

## श्री शांतिनाथ प्रभुने अभ्यर्थना.

( શિખરિણી )

મધુરાં એ પાનો પ્રભુ ગુણતણાં સદ્ય કરવા,
વળી આ આત્મામાં પરમ સુખદા ભક્તિ [1]રસવા;
ગ્રહી ચારે [2]સ્થાનો પરમ ગુણિશું પ્રીતિ વહવા,
પ્રભુશાંતિ અર્પો શુભ બળ સદા કર્મ [3]જરવા.

## श्रुतज्ञान स्तुति.

( શાર્દૂલ વિક્રીડિત )

જે જ્ઞાને કરી પ્રાણીઓ અવનવી શાંતિ લહે વિશ્વમાં,
અજ્ઞાની હૃદયો તણા [4]તમ ટળી પુષ્ટિ ભરે [5]શર્મદા;
જેથી આત્મિક તેજ આ પ્રસરતું [6]સદ્દર્શનાનંદમાં,
[7]ઝ્લાવો એ શ્રુતજ્ઞાન પૂર્ણ સરિતા દ્વંદ્વો [8]મહાવેગમાં.

F.

૧ રંગથી રંગિત કરવા. ૨ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. ૩ નિ-ર્જરા કરવા. ૪ અંધકાર. ૫ આધ્યાત્મિક સુખ આપનારી. ૬ સમ્યક્ત્વ. ૭ સમાવી દ્યો. ૮ સુખ દુઃખાદિ સ્પંદનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# देह उपर ममत्त्व राखनाराओ स्वजन्मने सफल मानता केवा भूले छे !

( પદ–અનુવાદ )

હરિગીત.

ધન પુત્ર યૌવન ને કલત્ર વિષે સદા અનુરક્ત છે,
ઉન્મત્ત બનતા આત્મભાવો જે સમે અવ્યક્ત છે;
વળી ભોગવી જે વેદના તે ગર્ભની વિસરી જતા,
બહિરાત્મ દ્રષ્ટિ આજની ઘડી સફળ એમજ માનતા.

૧

સામ્રાજ્ય પામી સ્વપ્નમાં જે સત્ય માની ગાજતા,
સાતામયી એ વાદળીની છાંય માંહે રાચતા;
નહાર બકરી જેમ પકડે કાળયમ નહિં જાણતા,
બહિરાત્મ દ્રષ્ટિ આજની ઘડી સફળ એમજ માનતા.

૨

ચૈતન્યમય પોતે છતાં જડવત્ બની નહીં ચેતતા,
હારિલ પક્ષી લાકડી જ્યમ ભાવ પર નહીં છંડતા;
આનંદઘન હીરો તજી માયા ધુલિમાં માચતા,
બહિરાત્મદ્રષ્ટિ આજની ઘડી સફળ એમજ માનતા.

૩

શા. ફતેહચંદ ઝવેરભાઇ.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ऐतिहासिक-साहित्य ।

મ્હારા " જૈન ઐતિહાસિક સાહિત્ય " નામના લેખમાં ( જે થોડા સમય પહેલાં, મુંબઈ સમાચાર, જૈન આદિ પત્રોમાં પણ પ્રકટ થયો હતો અને જેના વિષયમાં, જાહેર તથા ખાનગીમાં સારા સારા અભિપ્રાયો આવે છે. ) જે પ્રકારના આપણા પ્રાચીન સાહિત્યને સંગ્રહવાની અને પ્રકટ કરવાની આવશ્યકતા બતાવી હતી અને કોમના કાર્યકર્તાઓનું તેમજ ઉન્નતિ ઇચ્છનારાઓનું ધ્યાન ખેંચ્યું હતું, તેવા પ્રકારનું કેટલુંક સાહિત્ય, મ્હેં મ્હારા વિહાર દરમ્યાન તથા પાટણ વિગેરેના જૂના પુસ્તક ભંડારોના અવલોકન કરતી વખતે સંગ્રહીત કર્યું છે; જૂદા જૂદા સ્થળોના મંદિરોના તથા મૂર્તિઓ વિગેરેના કેટલાક લેખો તેમજ પુસ્તક ઉપરની પ્રશસ્તિઓ વિગેરે કેટલીક નોંધો એકત્રિત કરી છે. પૂજ્યપાદ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના સાહિત્ય સંગ્રહમાંથી પણ કેટલીક સામગ્રી મ્હને મળી છે. આ બધું સાહિત્ય જો કે હજી સંબંધ વગરનું અને છૂટું છૂટું છે, પરંતુ સંયોગોની વિચિત્રતાના પ્રતાપે, કરેલો પ્રયાસ વ્યર્થ ન થઈ જાય અને કાગળીઆઓનું ભક્ષ્ય ન બની જાય તેટલા માટે તથા એ વિષયમાં પ્રીતિ ધરાવનારા ઐતિહાસપ્રેમી કેટલાક સજ્જનોની ખાસ પ્રેરણા હોવાના લીધે, સંગ્રહીત સાહિત્ય આ લેખમાલિકા દ્વારા, વાચકોની આગળ યથાવકાશે રજુ કરવા વિચાર છે. સામાન્ય વાચકોને જો કે આ વિષયમાં કાંઇ તત્ત્વ નહિ જણાશે, પરંતુ ઇતિહાસરસિક વિદ્વાનો માટે, મ્હારા વિચાર પ્રમાણે, આ પ્રયાસ ઘણો ઉપયોગી થઈ પડવાનો સંભવ છે. અંધકારમાં છૂપાયેલી ઘણી ઘણી ઐતિહાસિક બાબતો લોકોની જાણમાં ભવિષ્યમાં આવશે. આમ છૂટી છૂટી નોંધોના પ્રકાશનથી પણ શૃંખલાબદ્ધ જૈન ઇતિહાસ લખવામાં ઘણી સહાયતા મળશે. કેટલીક એવી પણ નોંધો જણાશે કે જેમનો ઉપયોગ અન્યત્ર ક્યાંય પણ થવો મુશ્કિલ છે, પરંતુ પૂર્વજોના સ્મરણ માટે તેમને પણ જાળવી રાખવાની આપણી ખાસ ફરજ છે. અથવા નકામી જણાતી વસ્તુઓ પણ ક્યારે ક્યારે બહુ મહત્ત્વની થઈ પડતી ક્યાં નથી જોવામાં આવતી ?

જૈન ઈતિહાસના મેદાન તરફ નજર કરતાં આપણને વર્તમાનમાં ઠેકાણે ઠેકાણે જ અપૂર્ણતાના ખાડાઓ દ્રષ્ટિગોચર થાય છે. તેમની પૂર્તિ આવી જાતના નોંધોના પ્રકાશનથી ઘણા ભાગે થઇ શકે તેમ છે. બગીચામાં આવેલા જુદા જુદા ઝાડો ઉપર લટકી રહેલાં ફૂલોને યોગ્યે રીતે ચુંટી કહાડી એકત્ર કરવાથી જેમ એક સુંદર પુષ્પહાર તૈયાર થઇ શકે છે, તેમ હિંદુસ્થાનના જુદા જુદા પ્રદેશોમાં આવેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનમંદિરો અને જૈન ભંડારોમાં છુપાઈ રહેલી ઐતિહાસિક નોંધોને એકત્ર કરવાથી પ્રમાણિક જૈન ઇતિહાસ તૈયાર થઈ શકે છે. એ ન્યાયથી પ્રેરાઇ આ દિશામાં મ્હેં યત્કિંચિત્ પ્રયત્ન કરવા માડયો છે અને ઉપલબ્ધ થતી ટીપ્પણિઓને યથાસંયોગે નોંધો લેવા માંડી છે.

**સાધનોની** વિપુલતા અને વિસ્તીર્ણતાનો જ્યારે ખ્યાલ આવે છે ત્યારે તેની આગળ આ તુચ્છ પ્રયત્ન અકિંચિત્કરજ જણાય છે પરંતુ '**शुभे यथाशक्ति यतनीयम्**' એવી શિષ્ટાજ્ઞા હોવાથી તેને માન આપી અતિ ક્ષુદ્ર એવા આ પ્રયત્ન ફળને પણ રસિક વિદ્વાનોની આગળ એવી આશાથી મૂકવા લલચાઉં છું કે, મ્હારા સમાન ધર્મી બીજાઓને પણ આ પ્રયાસ માર્ગદર્શક બને અને એ દિશામાં કાર્ય કરવા અભિલાષ અને ઉત્સાહ પ્રકટાવે.

જૈન ઇતિહાસ ક્ષેત્રની મર્યાદા ( સીમા ) ઘણીજ વિશાળ હોવાથી તેને ખેડવા માટે એક આદ્ય અને અલ્પજ્ઞ સામર્થ્યવાળા કર્ષકની સાધારણ શકિત કાંઈ વિશેષ કાર્ય કરી શકે તેમ નથી. એ દીર્ઘકાલથી અસંસ્કૃત એવા આ ક્ષેત્રને કેળવવા માટે સેંકડો વૈજ્ઞાનિકો ( ઐતિહાસિકો ) ની આવશ્યક્તા છે. કાલરૂપી મર્કટના ચંચલ કરોવડે અને તે પણ ઘણા સમય સુધી ખુબ ગુંચવાયલી આપણી પ્રાચીન પ્રવૃત્તિરૂપ રેસમની આંટી કે જે પ્રમાણમાં પણ ઘણી મ્હોટી છે તે ઉકેલવા માટે બે ચાર હાથ તે પણ મંદ પ્રયત્નવાળાજ બસ નથી, એમ સમજી દરેક શિક્ષિત જૈને આ કાર્યમાં યથા શક્તિ ભાગ લેવો જોઇએ; આશા છે. કે જૈન ઇતિહાસની મહત્તા અને પૂર્ણતા જોવા ઇચ્છનારા વિદ્વાનો આ સંક્ષિપ્ત કથન ઉપર અવશ્ય લક્ષ્ય આપશે.

**शमस्तु ।**

સાગરગચ્છનો ઉપાશ્રય
પાટણ. } **मुनि जिनविजय ।**

# જૈન ધર્મ માટે એક ગુર્જર સાક્ષરના ઉદ્ગારો.

ગુજરાતના આધુનિક કવિઓમાં અગ્રગણ્ય ગણાતા રા. રા. શ્રીયુત **ન્હાનાલાલ દલપતરામ** કવિ એમ. એ. એમણે થોડા સમય પહેલાં અમદાવાદમાં ઉજવાયેલી એક જયંતીના પ્રસંગે—**જૈન ધર્મ** અને **જૈન કોમ** માટે જે ઉદ્ગારો કાઢ્યા હતા, તે ખાસ જૈન કોમને જાણવા જેવા હોવાથી તત્સંબંધીનો કેટલોક ભાગ અમે અમારા વાચકોની જાણ માટે અત્રે આપીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા ગુજરાતના વર્તમાન સાહિત્યમાં જૈન કોમને અન્યાય થયેલ છે. જે ન્યાય એ વીધાવતા ધનાઢ્ય અને સંસ્કારી કોમને મળવો જોઇએ તે ન્યાય ગુજરાતના વર્તમાન સાક્ષરોએ આપ્યો નથી. વનરાજ ચાવડાના વિશે એ કોમના ગુણ દર્શન ન દેખાતાં, ઉલટું તે કોમનો ઉહાપોહ અને અનર્થ દર્શન થયું છે. જો કે, હમણાંની છેલ્લી આવૃતિમાં રા. બા. રમણભાઇએ તે અન્યાય થોડો ઘણો સુધાર્યો છે, તે જાણી આનંદ થાય છે.

મહાભારત, રામાયણ અને ભાગવત એ ગ્રંથોને ધાવી ધાવીને જેટલા કવિઓ ઉછર્યા છે, તેટલા બાઇબિલ સિવાયનું દુધ પીને ઉછર્યા નથી, પણ જૈન કવિતા અને જૈન ફીલસુફી વેદાંત કરતાં પણ દ્રઢ અને વિસ્તરૂત ભાર મુકવાની પદ્ધતિવાળાં છે- તેમની નવ વાડો ખાસ વિચારવા જેવી છે તે જૈનોનો આજ સુધીનો સન્યાસ બતાવી આપે છે. પરિવ્રાજકાચાર્ય આપણે આપણા શંકરાચાર્યને કહીએ છીએ, પણ ખરા પરિવ્રાજકો જૈન સાધુઓ છે. પગે પાળા ફરીને ઉપદેશ કરનાર જૈનોના સાધુઓ પાસેથી પુલો ઉપર જવાનો કર લેવામાં આવે છે, પણ રેલવેમાં મુસાફરી કરનાર અન્ય ધર્માચાર્યો પાસે લેવાતો નથી. તેમના પીત વસ્ત્રો ઉપર હજુ સોનું ચડયું નથી અને આપણા સંન્યાસીઓ અને ધર્માચાર્યોના ગેરૂ ઉપર તો ક્યારનું એ સોનું ચડી ચુક્યું છે.

ગુજરાતને ગીરનાર, અને શેત્રુંજયમાં તથા નગર નગરમાં શોભતાં રમણિય મંદિરો બાંધી જૈનોએ જેટલું શણગાર્યું છે, તેટલું બીજાઓએ શણગાર્યું નથી. કંઇક ઇસ્લામીઓએ શણગાર્યું છે ખરૂં.

અમદાવાદને જૈનોની વધુ ઓળખાણ કરવી પડે તેમ નથી. વંશપરંપરાથી અમદાવાદના શેઠ ( Lord Mayor ) ની ગાદી જૈનોની છે. અમદાવાદના વ્યાપાર હુન્નરમાં જૈનોનો મુખ્ય ભાગ છે. તેમનું ગૌરવ વધારે સમજાવવું પડે તેમ નથી. જૈનોનું ગૌરવ ભુતકાળમાં હતું અને વર્તમાન કાળમાં પણ છે. વીસમી સદીમાં જૈનોએ અમદાવાદમાં ભવ્ય મંદિરો બાંધીને અમદાવાદની શોભામાં વૃદ્ધી કરી છે. અત્યારે કરોડો રૂપીયા ખરચી મંદીરો બાંધનાર ભુતકાળના શેઠીયા નથી પણ લાખો ખરચી મકાનો બાંધનાર પણ કંઇ ઓછા માનને પાત્ર નથી. દેવમંદીરો માફક જૈનોમાં માનવમંદીરો–સાધુઓ પણ છે. જે જે સાધુ સન્યાસીઓ જોયા છે, તેમાં મ્હને જૈનોના સાધુઓજ વીદ્યા, જ્ઞાન, ચરીત્ર અને શીળમાં શ્રેષ્ટ લાગ્યા છે.

(હિંદુસ્તાન તા. ૩૦–૧૧–૧૯૧૫ માંથી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઇતિહાસ અને સાહિત્ય માટે જાહેર પત્રોની ઉત્કટ લાગણી.

( આત્માનંદ પ્રકાશના ગતમાસના અંકમાં મુનિ મહારાજશ્રી જિનવિજયજી-નો, ' જૈન ઐતિહાસિક સાહિત્ય ' નામનો જે લેખ મહત્ત્વનો લેખ પ્રકટ થયો છે તેને ખાસ વિચારપૂર્વક વાંચવા માટે, અમે અમારા દરેક વાંચકને ભલામણ કરીએ છીએ. તથા ખુદ લેખકે, પોતાના લેખની અંતે, મુનિ મહારાજાઓ પ્રતિ જે સૂચના કરી છે, તેના માટે અમે પણ અમારા પૂજ્ય મુનિવરોને તે વિષય તરફ ધ્યાન આપવા યથાશક્તિ જૈન ઇતિહાસના સાધનો એકત્રિત કરવા અને પ્રકટ કરવા કરાવવા માટે પ્રયત્ન કરવા, ખાસ આગ્રહ પૂર્વક વિજ્ઞપ્તિ કરીએ છીએ. મુનિઓ જો આ તરફ લક્ષ્ય આપેતો, મુનિશ્રીના કથન પ્રમાણે, અમને પૂર્ણ આશા છે કે, થોડા-માં ઘણું થઈ શકે તેમ છે.

મુનિશ્રીનો ઉક્ત લેખ કેટલો ઉપયોગી અને સમાજને વિચારણીય છે તે વિષયમાં, " મુંબઇ સમાચાર " ના તા૦ ૨૦ મી ( નવેમ્બર ૧૯૧૫ ) નાં અંકમાં, ખુદ અધિપતિએ પોતાના અગ્ર–લેખ ( લીડર ) માં, તે લેખની જે સમાલોચના કરી છે અને જૈન કોમ અને જૈન સંસ્થાઓને તે વિષયમાં ધ્યાન આપવા માટે જે મહત્ત્વનું લખાણ કર્યું છે, તે ઉપરથી જણાય છે. અમારા વાંચકોની જાણ ખાતર, તે લેખ અત્ર અમે આપીએ છીએ. આનાથી એ પણ જણાશે કે જૈન ઇતિહાસ અને જૈન સાહિત્ય માટે પારસી જેવા ઈતર કોમના અને પ્રતિષ્ઠિત પત્રકારની પણ કેટલી કાળજી છે અને આપણી પોતાની કેટલી બધી બેદરકારી છે.

( તંત્રી. )

## જૈન ઇતિહાસીક સાહિત્યને પ્રકાશમાં લાવવા, જાળવી રાખવા અને પ્રગટ કરવાની મુની મહારાજ શ્રી જિનવીજયજીએ બતાવેલી આવશ્યકતા ઉપર જૈન કોમે અને તેની જાહેર સંસ્થા-ઓએ આપવું ઘટતું ધ્યાન.

જૈન ઇતિહાસીક સાહિત્યની કેવી અવદશા વચલા સમયમાં થઇ છે અને હજુ પણ થાય છે તે વિષય ઉપર જૈન કોમનું ધ્યાન ગયાં થોડાં વરસ દરમીઆન ખેંચાયું છે પણ તે સ્થીતીમાં સુધારો કરવાના એલાજો યોજવામાં તેઓ કેટલા ચુસ્ત છે તે વીષે મુની મહારાજ શ્રી જીનવિજયજીએ ગયા મંગળવારના અંકમાં કરેલું લખાણુ ખાસ ધ્યાન ખેંચનારૂં થઇ પડે છે. સ્વધર્મનો પ્રકાશ પાડનારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્ય એજ ધર્મનો ફેલાવો કરવાનું તેમજ તેને ઉત્તમ હાલતમાં ટકાવી રાખવાનું સૌથી બળવાન સાધન છે અને તેની કદર જૈન મુની મહારાજો સૌથી વીશેષ કરી શકે એ સ્વાભાવીક છે, પણ તેમાં અફસોસકારક તત્વ એ છે કે કોમની જે સુસ્તી પોતાના જોવામાં આવી હોય તે જાહેરમાં મુકવાની કાળજી બધા મુની મહારાજો ધરાવતા જણાયા નથી. મુનીશ્રીના મત પ્રમાણે " જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ પોતાની ઉજ્વળ કીર્તીના પ્રતાપે જગતના ધાર્મીક ઇતીહાસોમાં પ્રથમ આસને બીરાજે છે. " પણ જાહેર પ્રજા વચ્ચે તેનો તેવો છાપ બેસાડવા માટે કાંઈ પણ જીવ જેવા પ્રયત્નો કરવામાં આવેલા જોવામાં આવતા નથી અને તેજ વખતે જૈન સાહીત્યને અંધારામાં જ રાખી મુકવાનો જે આગ્રહ વહેમ વગેરે કારણોસર કેટલાકો તરફથી કરવામાં આવે છે, તેનાં પરીણામે ખુદ જૈન કોમ પણ પોતાનાં સાહીત્યનાં ગૌરવથી પુરતી માહીતગાર રહી શકતી નથી. અન્ય ધર્મોના સંસ્કારોને જે છુટથી ફેલાવવામાં આવે છે, જનસમાજના મન ઉપર તેવા સંસ્કારો વધારે અસરકારક રીતે ઠસાવવા માટે તેમનાં સાહિત્યને અનેક પ્રકારના આકર્ષક રૂપોમાં જે રીતે વહેંચવામાં આવે છે, અને બાહોશ ઉપદેશકોની મોટી સંખ્યાને ફરતી રાખી તેઓ દ્વારા જે પ્રયાસ કરવામાં આવે છે, તેને લીધે આજે ઘણા જૈન યુવકોમાં પણ સૌથી પહેલા ધાર્મીક સંસ્કારો ત્યાંથીજ સ્ફુરે છે. તે પછી તેમનામાં સ્વધર્મનું રહસ્ય સમજવાની કુદરતી વૃત્તી ઉત્પન્ન થાય છે, જેને યોગ્ય રીતે સંતોષ પમાડી નહીં શકાય તો જન્મથી મળેલા જૈન સંસ્કારો સ્વાભાવીક રીતે નબળા પડી અન્ય ધર્મના સંસ્કારો તેમનામાં મજબુત થવા વગર રહે નહીં. આ જાતનાં પરીણામો અત્યારસુધીમાં આવ્યા વગર રહ્યાં નથી અને તેથીજ અંગ્રેજી અભ્યાસમાં આગળ વધેલાઓને જૈન ધર્મના ચુસ્ત ઉપાસકો બનાવવામાં કેટલીક નીરાશા અનુભવવામાં આવે છે. લેખક મુનીશ્રીએ પણ પોતાના લેખમાં અફસોસ કર્યો છે કે " આપણામાં સંખ્યાબંધ ગ્રેડ્યુએટો ગણાય છે, પરંતુ એક બે સેવાય કોઇને પણ પોતાના ધર્મ યા સમાજ માટે એક શબ્દ બોલતાં કે લખતાં સાંભળ્યો છે ? " જૈન કોમના સૌથી અગતના જુવાનો સ્વધર્મ અને સ્વકોમના સંબંધમાં તદ્દન લાગણી વગરના છે એવો અર્થ મુનીશ્રીનાં ઉપલાં કથનનો નથી કરવાનો, પણ તેઓ એટલુંજ બતાવવા માગતા હોવા જોઇએ કે જે જાતની ખંત અને લાગણી અન્ય ધર્મી વીદ્વાનો સ્વધર્મ સમજવા, સમજાવવા અને ફેલાવવા માટે બતાવે છે, તેવી ખંત કે લાગણી બતાવવામાં જૈન કોમનો વીદ્વાન શ્રાવક વર્ગ પછાત પડ્યો છે. પાછલા વખતમાં જૈન ધર્મે જે દેખાવ કર્યો હતો, તેની સાથે સરખાવતાં હમણાંની તેની ધર્મ પાળનારી કોમની પછાત દશાનાં કારણો શું છે તે ખાસ તપાસવાની જરૂર છે. કોઇપણ કોમની ઉન્નતી અને અવનતીમાં તેનો ઉપદેશક વર્ગ સૌથી અગત્યનો ભાગ ભજવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કારણકે પોતાના અનુયાયીઓનાં મનોબળને કયા માર્ગે દોરવવું તે તેઓનાજ હાથમાં રહેલું હોય છે. વીદ્વાન મુનીઓ પ્રત્યેનાં દરેક માન છતાં આપણે એક સામાન્ય અવલોકન તરીકે એટલું તો કબુલ રાખવું પડશે કે જૈન કોમને ઊન્નતીના માર્ગે આગળ વધારવાની જોઇએ તેવી કાળજી જૈન મુનીવર્ગના કેટલાક ભાગે અફસોસકારક રીતે બતાવી નથી એટલુંજ નહિં પણ જૈનોને માંહોમાહેના ઝગડાથી વિરકત રાખવાની જે ફરજ તેમના ઉપર હરેક પ્રકારે રહેલી છે, તે બજાવવામાં પણ તેઓ ચૂસ્ત રહ્યા છે. અંદર અંદરના ઝઘડાઓ પાછળ જૈન કોમ પોતાની શકતી અને લક્ષ્મીનો એવો ભયંકર ભોગ આપે છે કે જે શકતી અને દ્રવ્ય વડે કોમની સ્થીતી સુધારવા જોડે તેનો ધાર્મીક ઉદ્ધાર કરવાનાં કામો પણ બહોળા પ્રમાણમાં હાથ ધરી શકાયાં હોત. કોમનાં કમનસીબે કેટલાક સંજોગો ઉભા થયાથી તે ત્રણ મુખ્ય ફેરકાઓમાં વહેંચાઈ ગઈ છે અને તેઓ વચ્ચે કેટલાક નાજુક સવાલો એવા હસ્તી ધરાવે છે કે જેમને વધારે અગત્ય આપવી કોમનાં હીતને નુકસાનકર્તા થઈ પડે છે. પણ ત્રણે ફેરકાઓ વચ્ચેના નાજુક મતભેદોને અગત્ય આપવાને બદલે તેઓ વચ્ચે જે મહાન અને વીશાળ સમાનતા છે, તેનેજ અગત્ય આપવામાં આવે તો હમણાની સ્થીતીમાં ઘણો ફેરફાર થવા પામે એટલુંજ નહીં પણ તેઓ વચ્ચેના ભ્રાતૃભાવમાં એટલો વધારો થાય કે મતભેદો છતાં તેઓ સઘળા શ્રી મહાવીરના ઉપાસકો તરીકે એક હારમાં ઉભા રહી પોતાનાં બળમાં વધારો કરી શકે. આવી સ્થીતી ઉત્પન્ન કરવાનું કામ મુનીમહારાજોનું છે અને મુનીમહારાજોમાં તેવી વૃત્તિઓ જાગૃત કરવાની ફરજ તેમના આચાર્યો ઉપર રહેલી છે. જૈનોના શ્રાવક સમુદાયે ગયા એક બે દાહેકામાં મતભેદોને ઓછી અગત્ય આપી ત્રણે ફીરકા વચ્ચે ભ્રાતૃભાવ ખીલવવાની વૃત્તી આગળ વધારી છે તેને ઉત્તેજન આપવા તેમજ શ્રાવકો ઉપર વધારે મજબુત અસર પોતાનાજ દાખલા મારફત કરવા માટે ત્રણે ફેરકાનો જૈન મુનીવર્ગ પણ અરસપરસ તેવો ભાવ ઉત્પન્ન કરી શકે તો જૈન કોમમાં ઐકય વધારવાની અભીલાષા વધારે ઝડપથી પાર પડશે. તેઓ આ જાતની કૃપા કરે તો બીજો મહાન લાભ એ થશે કે કોઇપણ બે ફેરકા વચ્ચે વીરોધ ઉત્પન્ન થતાં તેઓ વચ્ચે સમાધાન કરાવવું સેહેલ થઈ પડશે. અદાલતોમાં વેરાતાં નાણાં કોમહીતને માટે બચાવી શકાશે અને અન્ય કોમોની નજરમાં જૈન કોમની વહેવારીક શક્તી વધારે પ્રશંસનીય થઇ પડશે. પણ તે જાતના એલાજો લેવામાં નહીં આવે અને દરેક ફેરકાને જાગૃત કરવાની ફરજ પણ મુનીવર્ગ ઘટતી રીતે નહીં બજાવે તો પછી ઇતીહાસીક સાહીત્યનો અને જૈન ધર્મની કીર્તીનાં બીજાં સાધનોનો ઉદ્ધાર કરવો મુશ્કેલજ થઈ પડશે. ઈતીહાસીક જૈન સાહીત્યને પ્રકાશમાં આણવા અને જાળવી રાખવાની જો હજી પણ કાળજી બતાવવામાં નહીં આવે તો તેનું ભંડોળ નષ્ટ થતું જાય એ બનવા જોગ છે અને અત્યારે જે કાંઈ થોડું જળવાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યું છે તે પણ અદ્રષ્ય થવા પછી જૈનો પોતાની આગલી જાહોજલાલીનો દાવો પણ ઘટતી રીતે રજુ કરી શકશે કે કેમ તે એક સવાલ થઈ પડે છે. જે સ્થળેથી મુનીશ્રીએ લેખ લખ્યો છે તે પાટણનાં સ્થળેજ પ્રાચીન સાહીત્યના એવા વીશાળ ભંડારો હસ્તી ધરાવે છે કે માત્ર તેમને અંધારામાંથી બાહેર આણી ઉપયોગી બનાવવા માટે વીદ્વાનોની એક સારી જેવી સંખ્યાની જરૂર પડે તેમ છે. વડોદરાના નામદાર મહારાજાના પ્રયાસના બળે આપણે અત્યારે એટલું જાણી શકયા છીએ કે પાટણના ક્યા લત્તામાં કયો ભંડાર આવેલો છે અને તેમાં કેટલાં પુસ્તકો પડેલા છે. જૈન કોમની હવે ફરજ છે કે તેની નજર સામે રજુ કરવામાં આવેલી વીગતો ધ્યાનમાં લઇ એ વીશાળ ખજાનાને વ્યર્થ જતો અટકાવવા પ્રયત્ન કરવો. જૈન કોન્ફ્રન્સો આ બાબતમાં કેટલોક પ્રયાસ કરતી હોયાનો દાવો કરી શકે છે પણ મુની જીનવીજયજી તે બાબતમાં પણ પોતાને નીરાશા ઉપજી જાહેર કરે છે. તેઓ લખે છે કે " કોન્ફ્રન્સે અનેક વખતે આ " વીષયના ઠરાવો કાગળ્યાંઓ ઉપર છાપીને બાહેર પાડ્યા છે પરંતુ હજી સુધી એક પણ આવા લેખને કે એક પણ પુરાણી વસ્તુને જાળવવાની કોશેષ કરવામાં આવી નથી." આ બતાવે છે કે કોન્ફ્રન્સોદ્વારા હમણા સુધીમાં પુસ્તકોદ્ધારની જે કાંઈ સેવા બજાવી શકાય છે તે કોમની હાજત સાથે સરખાવતાં કોઈ ગણતરીની નથી અને તેથી આવતી જૈન કોન્ફ્રન્સમાં આ વીષય ઉપર વીશેષ ધ્યાન આપવામાં આવે એ ઇચ્છિવાજોગ છે. મુંબઇમાં મોહનલાલજી સેન્ટ્રલ જૈન લાઇબ્રેરી સ્થાપન કરવામાં આવી તે વખતેજ જૈન કોમનું ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું કે એક જૈન સેન્ટ્રલ લાયબ્રેરી કેવાં વીશાળ ધોરણ ઉપર રચાવી જોઇએ. વડોદરા ખાતેની સેન્ટ્રલ લાયબ્રેરીનાં ધોરણ ઉપર તેને રચવામાં આવે તો તે ખરેખર ઉપયોગી થઈ પડે અને પ્રાચીન સાહીત્યની સેવા બજાવવાની અભીલાષા પણ સાથે સાથે પાર પડી શકે. આખા હીંદુસ્તાનમાં અત્યારે મુંબઇ શહેરનો જૈન સંઘ અગ્રપદ્દી ધરાવે છે પણ તે અગ્રપદ્દી જાળવી રાખવા માટે જે મોટા ભોગો આપવા જરૂરના થઇ પડે છે તે આપવાની ઘણી કાળજી બતાવવામાં આવતી નથી. મહાવીર જૈન વીદ્યાલય જેવી અતી અગત્યની સંસ્થાને કાયમને માટે નીભાવવાનાં સાધનો પુરાં પાડવાં મુંબઇના શ્રીમંત જૈનોને માટે અશક્ય નહીં હોયા છતાં માત્ર દસ વરસને માટે વાર્ષીક ફાળાઓ વડે ચલાવી લેવાની સ્થીતી અનુભવવી પડે છે તેજ બતાવે છે કે કોમનો ઉદ્ધાર કરવાની મુંબઈના જૈન ભાઇઓની ઉલટ હજુ પુરતી જાગૃત કરવામાં નથી આવી. મુંબઈ શહેરના જૈન સંઘનું અગ્રપદ જાળવી રાખવા માટેનાં જરૂરી સાધનોમાં ઉક્ત વીદ્યાલય ઉપરાંત અત્યારે તો એક ઉત્તમ જૈન હાઈસ્કુલ, તેના અંગે વિદ્યાર્થી આશ્રમ, એક નમુનેદાર જૈન લાયબ્રેરી અને એક મોટી ઉદ્યોગશાળા પુરાં પાડવામાં આવે તો તે પુરતું ગણી શકાય. ઉત્તમ જૈન હાઈસ્કુલ પુરી પાડવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે બાબુ પન્નાલાલવાળી જૈન હાઈસ્કુલને તેમાં દીનપર દીન આવશ્યક સુધારાઓ દાખલ કરી એક જૈન કોમની શોભાસમાન નમુનેદાર સંસ્થા બનાવવાની કાંઈ ઓછી જરૂર નથી. મહાવીર જૈન વીદ્યાલય તેમજ હમણાનાં જૈન બોર્ડીંગ હાઉસોમાં કોલેજના વીદ્યાર્થીઓ માટે સગવડ થતી હોયાથી શાળાઓના વીદ્યાર્થીઓ માટેનાં એક આશ્રમની પણ ખાસ જરૂર છે. પુસ્તકોદ્ધારના ઠરાવોને બરાબર અમલમાં મુકવા માટે જે ઇલાજો યોજવામાં આવે તેમાં સેન્ટ્રલ જૈન લાયબ્રેરીને ખીલવવા અને વધારવાથી જોગવાઇનો પણ સમાવેશ થવો જોઇએ. જૈન ઉદ્યોગશાળા હમણાના સમયમાં વધતી જતી બેકારીના ઇલાજ તરીકે અવશ્યનીજ છે અને તે ચારે બાબતો ઉપર મુંબઇમાં હવે પછી થોડા વખતમાં મળનારી જૈન કોન્ફરન્સ વહેવારૂ ધ્યાન આપી શકે એમ આપણે ઇચ્છીશું.

# જૈન સમાજનું મહત્વ.

આર્યાવર્ત્તની સર્વ પ્રજાઓમાં જૈન પ્રજા એક મહત્વ વાલી ગણાય છે. આજથી ચોવીશો વર્ષ પહેલા જ્યારે આર્ય ભૂમિમાં શ્રી વીરવાણીની દેશનાનો ધ્વનિ પ્રવર્ત્તતો હતો, ગુણગૌરવને ધરનારા ગણધરોના મુખમાંથી ઉપદેશ ગિરાની ગર્જના થતી હતી, મહાન્ સમર્થ અને ધર્મવીર મહારાજા શ્રેણિક મગધદેશના સિંહાસન ઉપર બેશી જૈન ધર્મનો ઉદ્યોત કરતો હતો; તે સમયનું જૈન પ્રજાનું મહત્વ કેવું હતું ? તેનો ખ્યાલ તે સમયના ઇતિહાસના લેખો ઉપરથી જણાઈ આવે છે. જો કે એવું મહત્વ પુનઃ પ્રાપ્ત કરવું અશક્ય છે. તથાપિ તે મહત્વના કેટલાએક અંશો મેળવી શકાય તેવાં છે. એટલુંજ નહીં પણ જો દેશકાલાનુસાર સામાજિક શક્તિ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે અને પૂર્વના મહત્વની ભાવના હૃદયમાં લાવી તે પ્રમાણે તન, મન અને ધનથી પ્રયત્ન કરવામાં આવે તો જૈન સમાજનું મહત્વ પાછું સતેજ થયા વિના રહે નહીં.

સામાજિક મહત્વ મેળવવાને માટે પ્રથમ શું કરવું જોઈએ, તે વિષે આધુનિક વિદ્વાનોએ વિવિધ વિચારો દર્શાવેલા છે. પ્રથમતો દેશકાલાનુસાર વિચારની તાત્વિકતા લોકોના મન ઉપર બેસારવી જોઈએ. જ્યારે તે તાત્વિકતા તેમના મન ઉપર બેસે, ત્યારે તે તાત્વિકતા ગ્રહણ કરવા તરફ લોક રૂચિ વધે છે અને ક્રમે ક્રમે તે વિચાર સમાજ તરફથી ગ્રહાય છે. ઇતિહાસિક દૃષ્ટિએ શોધ કરી જોનારા વિદ્વાનો કહે છે કે, લગભગ બસો વર્ષ થયા જૈનસમાજમાં વિદ્યા અને તાત્વિક વિચારો ઘટવા લાગ્યા છે, તેને પરિણામે ત્યારથી આચાર–વિચારની પદ્ધતિ પણ બદલાતી ગઈ છે. ઉચ્ચ આચાર ને આદર આપનારો જૈન સમાજ તેને પરિણામે હાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તદ્દન આચાર વિમુખ થઇ ગયો છે. તેમના ગૃહાચારમાં તો શૂદ્રાચારનો પૂર્ણ રીતે પ્રવેશ થયેલો દેખાયછે. ઉચ્છિષ્ટ કે અજીઠું શું કહેવાય ? રસવતીની શુદ્ધિ કેવી રીતે રહે? ભોજન સમયે કેવી રીતે રહેવું જોઇએ ? અને પાકસ્થાનમાં શુચિતા કેવી રીતે રાખવી જોઇએ ? એ આચારની પદ્ધતિ જૈન સમાજ ગુમાવી બેઠો છે. વ્યવહાર અને ધર્મને અંગે થતા ભૂરિ ભોજનમાં તો આચારની એટલી બધી અવ્યવસ્થા છે કે, જે ઉપરથી ઈતર ધર્મની પ્રજા જૈન સમાજનું ઉપહાસ્ય કરે છે. પવિત્ર આચારને આદર આપનારો જૈન સમાજ શૂદ્રવત્ પ્રવૃત્તિ કરે, એ કેટલું બધું શોચનીય છે ? એવી અનુચિત પ્રવૃત્તિને લઇને આચારને માન આપનારી ઈતર પ્રજા જૈનોનો સ્પર્શ કરવાને પણ આંચકો ખાય છે.

જેવી રીતે જૈન સમાજમાં આચારની શિથિલતા થતી જાય છે, તેવી રીતે વિચારની શિથિલતા પણ થતી જાય છે. એ શિથિલતા આખા સમાજને હાનિકર્ત્તા છે; એ નક્કી છે; જ્યારે ઉત્તમ પ્રકારના વિચારોનું બળ વૃદ્ધિ પામશે, ત્યારે તેમનામાં ઉંચી જાતની વ્યવસ્થા કરી શકશે. અર્વાચીન વિદ્વાનો લખે છે કે, "કોઈ પણ સમાજનું પુનઃ બંધારણ કરવું હોય, ત્યારે પ્રથમ ચાલતા દેશકાળના યોગોનો બંધબેસતા મતભેદોનો વહેવારૂ તોડ કેમ થઈ શકે ? તેનો અભ્યાસ કરવો જોઇએ છીએ. તે અભ્યાસ થયા બાદ પોતે નિર્ણીત કરેલ તોડ સત્ય છે કે કેમ ? તે સમાજની કસોટીએ મુકવો જોઇએ, અને તે તોડ કસોટીમાંથી બરાબર પસાર થાય તો પછી તે લોકોને ગ્રાહ્ય થશે એમ માની તેના પ્રચારનો પ્રયત્ન કરવો જોઇએ. જે પ્રયત્ન તેના પરિપક્વ સમયે ફલ આપ્યા વિના રહેશે નહીં."

અર્વાચીન વિદ્વાનોના આ વિચારો જૈન સમાજે મનન કરવા જેવા છે. એ વિચારો જૈન સમાજના બંધારણને માટે પૂર્ણ ઉપયોગી થયા વિના રહેશે નહીં. કેટલાએકનું એવું મત છે કે, જૈનોના જુદા જુદા સંપ્રદાયોને એકજ અખંડ સંસ્થાના આકારમાં મૂકવા તેનું નામ જૈન સમાજનું પુનઃ બંધારણ કરવું એ છે. આ મત માન્ય કરવા જેવું છે છતાં પણ કેટલાએક અનિવાર્ય કારણોને લઇને એમ બની શકે તેમ છે નહીં ? અને જો બની શકે તેમ છે તો હાલ તરતમાં થઇ શકે તેમ છે નહીં. તેમ થવામાં હજુ સમયની આવશ્યકતા છે. જ્યારે કોઈ અસાધારણ મહાત્મા નીકળી આવશે કે જેની અસાધારણ શક્તિ તેની પછવાડે આખા સમાજને ખેંચે; દૈવઇચ્છા હશે તો એવો પ્રસંગ પણ કોઈ વખતે પ્રાપ્ત થશે. "**बहु रत्ना वसुंधरा**" એ સૂત્ર અનુસાર તેવા મહાત્મા ન નીકળી આવે એમ જો કે કહી શકાય નહી; પરંતુ હાલ તરત તેવાં ચિન્હો દેખાતાં નથી. તથાપિ આપણે શાસનના અધિષ્ટાતાની આગળ એવી પ્રાર્થના કરી હૃદયમાં તેવી ભાવના ભાવવી જોઇએ.

હવે આપણે કોન્ફરન્સની વાત ઉપર આવીએ. જ્યારે ભારતવર્ષની જૈન મહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજ ઉત્પન્ન થઈ, તેના આરંભના વિજયવાદ્ય વાગવામાં આવ્યા, પ્રથમની બે ત્રણ બેઠકો વિજયવતી થઇ અને સામાજિક કાર્યોના નિર્વાહને માટે લક્ષ્મીના પ્રવાહો વહેવા લાગ્યા, ત્યારે ભારતવર્ષની ઇતર પ્રજા ચકિત થઇ જૈનોની સામાજિક શકિતની પ્રશંસા કરવા લાગી હતી. પરંતુ તેનું આરંભ શૂરત્વ કોઇના લક્ષમાં કે વિચારમાં આવી શકતું નહતું. છેવટે ઐકયની શૃંખલા શિથિલ થવાથી અને સામાજિક બળના શુદ્ધ ઉપાયોની અજ્ઞતા હોવાથી એ ગૌરવવાળી સંસ્થા તદ્દન શિથિલ થઇ ગઈ અને ભારતવર્ષની ઈતર પ્રજાને તે ઉપહાસ્યનું સ્થાન થઈ પડી. આનું કારણ સુજ્ઞ વિચારકોના હૃદયમાં તરત આવી ગયું છે. તે પછી કોન્ફરન્સના રૂપમાં બીજી સંસ્થાઓ ઉદ્દભવવા લાગી છે, પરંતુ તેથી કાંઇ પ્રથમનું ગૌરવ મેળવી શકાયું નથી. કોન્ફરન્સ જેવી મહાન્ સંસ્થાને દૃઢ કરનાર ઐકય જ છે. અને તે વાત જેઓ ઐકયના ચુસ્ત હીમાયતી હશે, તેઓ હૃદયથી માન્ય કર્યા વિના રહેશે નહીં. સમાજના મહિમાને જાણનાર વિદ્વાનોની એવી માન્યતા છે કે, " જે કોઇ કાર્ય સમાજથી સિદ્ધ કરવાનું હોય, તેની પહેલી ભૂમિકા તૈયાર થવી જોઇએ; અને તે વિષે દૃઢ બંધારણ કરવું જોઇએ." એવી ભૂમિકા તૈયાર થયે જ કાર્ય ક્રિયામાં મુકી શકાય છે. પરંતુ તે ક્રિયામાં દુરાગ્રહરૂપી વિષના અંકુરો પ્રગટ થવા ન જોઇએ. દુરાગ્રહનું વિષ સમાજને છિન્નભિન્ન કરનારૂં છે. જ્યાં દુરાગ્રહની મલિન છાયા પડે છે, ત્યાં આરંભેલું કાર્ય તદ્દન નિસ્તેજ બની જાય છે. જૈન પ્રજામાં એ વિષ સ્વાભાવિક રીતે રહેલું દેખાય છે. વિવિધ ગચ્છ અને વિવિધ સંઘના આગેવાનોમાં અમુક મતભેદ થતાં દુરાગ્રહ અંકુરિત થઈ જાય છે તેમજ નાના કારણોને મોટું મોટું રૂપ આપવાથી પણ અનુક્રમે તેનું મહાન્ વિષવૃક્ષ બની જાય છે. સામાજિક બળને શિથિલ કરનાર દુરાગ્રહને માટે એક સમર્થ વિદ્વાન્ લખે છે કે, " ભારતવર્ષની અવનતિનું મુખ્ય કારણ દુરાગ્રહ છે. અગ્રેસરોના દુરાગ્રહને લઇને ઐકયનો ભંગ થાય છે. દુરાગ્રહ એક એવું યંત્ર છે કે, તે ક્ષણવારમાં એકતાની દૃઢ શૃંખલાને તોડી નાંખે છે અને જો તે યંત્રનો પ્રથમથી જ ઉપયોગ કરવામાં આવે તો સંપ, ઐકય, સમૂહ વગેરે સમષ્ટિ સ્વરૂપને તે પૂર્ણ રીતે જમાવા દેતું નથી. દુરાગ્રહનું વિષ જે લોકોના હૃદયમાં વ્યાપે છે, તેને તે પાયમાલ કરી નાંખે છે. "

આર્હત વિદ્વાનો પણ દુરાગ્રહને પૂર્ણરીતે ધિક્કારે છે. તેઓ કહે છે કે, વિવિધ દુષ્ટ કર્મના બંધ થવાનું મુખ્ય સાધન દુરાગ્રહ છે; માનવ જીવન કે જેને મહાત્માઓ ચિંતામણીની ઉપમા આપે છે, તે માનવ જીવનને દુરાગ્રહ લોહમય બનાવી દે છે અને છેવટે તે દુરાગ્રહી મનુષ્યનો અધ:પાત કરી નાંખે છે.

આવા દુરાગ્રહને દૂર કરી જૈન પ્રજાએ સામાજિક મહત્વ મેળવવા પુન: જાગ્રતિ કરવી જોઇએ. ભારતવર્ષની સર્વ પ્રજાઓના કરતાં જૈન પ્રજાને સામાજિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્વની વિશેષ આવશ્યકતા છે. સામાજિક મહત્વને મેળવવાનું મુખ્ય સાધન વ્યાપાર છે, અને તે વ્યાપાર જૈન પ્રજાના હાથમાં રહેલો છે. સામાજિક મહત્વ વ્યાપારને કેવી પુષ્ટિ આપે છે તેને માટે નીચેનું એક પદ્ય પ્રખ્યાત છે.

व्यापारबलमतुलं सामाजिक बलाश्रितम् ।
तयोर्योगाज्जनपदसमृद्धिः परिवर्द्धते ॥ १ ॥

વ્યાપારનું અતુલબળ સામાજિક બળને આશ્રીને રહેલું છે. તે બંને વ્યાપાર બળ અને સામાજિક બળનો યોગ થવાથી દેશની સમૃદ્ધિ ઘણી વધે છે. ૧

આ પદ્ય ઉપરથી સૂચિત થાય છે કે, દેશની આબાદી તે માટે સામાજિક મહત્વ મેળવવાની જરૂર છે.

સામાજિક મહત્વ મેળવવામાં ઊદ્યોગ અને ઊત્સાહ રાખવાનું કામ સ્વતઃ ઊપસ્થિત થાય છે. આલસ્ય અને પ્રમાદનો ત્યાગ કરી ઊદ્યોગ અને ઊત્સાહ સજાવો જોઇએ. હાલ જૈનોની પ્રગતિ ઊત્સાહની વિરૂદ્ધ એવી દિશામાં થતી જણાય છે; એથી જૈન પ્રજાના ભોગને માટે વિપરીત ફળ ખડાં થતા જાય છે. તેનાથી ઊંચી કેળવણીને તિલાંજલિ અપાય છે. સામાજિક મહત્વ નહીં સાચવવાથી નવીન યુવકો કેળવણીના શિખર ઉપર આવી શકતા નથી.

શ્રીમંતો સામાજિક મહત્ત્વથી અજ્ઞાત છે, એટલે તેમના મનમાં ઊન્નતિની ભાવના તદન આવતીજ નથી. તેઓ તો એશઆરામની ઊપાસના કરવામાં તલ્લીન થઈ ગયા છે. એથી ધર્મ સુધારો અને આચાર વિચારનો પ્રલય થતો જાય છે. આર્હત ધર્મના ઊચ્ચ નિયમો અને વિચારો તરફ બેદરકારી થતી જાય છે. માત્ર જે કાંઈ કરવામા આવે છે, તે ઉપરના આડંબરને લઇને કરવામાં આવે છે. તે હૃદયના ઉત્સાહથી કાંઈ પણ કાર્ય કરવામાં આવતું નથી. તેથીજ જૈનોમાં વ્યવહારિક ઉદ્યોગ અને ઉત્સાહનાં વિપરીત ફળ આવેલા જોવામાં આવે છે. સમાજના મહત્વના તત્વોનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાની જરૂર છે. જ્યારે એ જ્ઞાન યથાર્થ રીતે પ્રાપ્ત થાય છે, ત્યારે તેના મધુર ફળો મેળવી શકાય છે. સમાજના માહાત્મ્યને જાણનારા વિદ્વાનો લખે છે કે " અનુપમ સામાજિક રહસ્ય સમજવાથી ઉદ્યોગના સાધનો મેળવવા ઉત્સાહિત થવા દે છે. સારા વ્યાપારી થવા માટે કેળવણી તથા દેશ પરદેશના વ્યાપાર, બનાવટ, ઉપજ, નિપજ, પાક અને પાકના અંદાજો, આયાત અને નિકાસ, જગાત અને લાગત વગેરેની તીવ્ર જીજ્ઞાસા ઉત્પન્ન થાય છે, જેને પરિણામે વ્યાપારકળાની ઉન્નતિના વિકાશો કરવા તત્પર થવાય છે. એટલુંજ નહીં પણ પરંપરાએ માનવ જીવનની ઊચ્ચ કોટિમાં પણ આવી શકાય છે.

સામાજિક મહત્વને માટે સાંપ્રતકાળે શું કર્ત્તવ્ય છે, ? તે વિષે ઉહાપોહ કરતાં એવો નિર્ણય કરી શકાય છે કે, એ મહત્વ જાણવાને અને તેને ક્રિયામાં મુક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાને કેટલાએક ઉચ્ચ વર્ત્તનો ધારણ કરવાની જરૂર છે. હાલમાં દેશમાં પ્રજ્ઞાવાદ કરનારાઓની સંખ્યા વધી ગઈ છે. એટલે ડાહી ડાહી વાતો કરનારા ઘણાં મળી આવે છે, પરંતુ જૈનોનું ખરૂં હિત શેમાં રહ્યું છે ? અને જૈનોએ કઇ દિશામાં પ્રવર્ત્તન કરવું જોઇએ ? તેનો વિચાર ઘણી ગંભીરતા પૂર્વક કરવાનો છે. તે વિચારને ધારણ કરનારી વ્યક્તિઓ ઘણીજ જુજ મળી આવે છે. જ્યારે તે વિષે પુખ્ત વિચાર કરનારો પ્રૌઢ વર્ગ નીકળી આવશે અને તે ઉત્સાહથી ઉન્નતિના તત્વો શોધવાને આગળ પડશે, ત્યારેજ સામાજિક મહત્વના મધુર ફળ સંપાદન કરી શકાશે. સામાજિક મહત્વનું રહસ્ય સમજવાના અધિકારીઓ કેવા જોઇએ ? તે વિષે પ્રથમ વિચાર કરવાનો છે. જેઓ વૈભવના વેગમાં તણાતા ન હોય, જેઓ ઉપર ઉપરથી સાહેબ બનવાની નકલી ફેશનના ફંદમાં ફસાયા ન હોય, જેઓ તુચ્છ અભિમાન રાખી પંડિતંમન્ય થયેલા ન હોય, જેઓ સંઘપતિ કે જ્ઞાતિના પટેલ બનવાનું માન મેળવવાને આતુર ન હોય, જેઓ ખુશામતના ઢોંગી પ્રવાહમાં તણાયા ન હોય, જેઓ સાહસ ધૈર્ય અને ઉત્સાહના ગુણોથી વિમુખ થયેલા ન હોય, અને જેઓ લક્ષ્મી અને વૈભવના મદને વશ થયેલા ન હોય, તેવાઓજ સામાજિક મહત્વનું રહસ્ય સમજી શકે છે અને તેવાઓજ પરંપરાએ પોતાના સાધર્મિ બંધુઓનું શ્રેય કરવાને સમર્થ થઈ શકે છે.

સામાજિક મહત્વનો આ વિચાર પ્રત્યેક જૈન બંધુએ મનન કરવો જોઇએ અને તે પછી સર્વ પ્રજાની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિને અર્થે તેવા સમાજો સ્થાપવા તન, મન અને ધનથી પ્રયત્ન કરવો જોઇએ. શ્રી શાસનના અધિષ્ટાયક દેવની પાસે એવી પ્રાર્થના છે કે, તે દેવ સર્વ જૈન વર્ગના આસ્તિક હૃદય ઉપર આવા સામાજિક મહત્વને સમજવાની અને તે પછી તેવા સમાજો કરવા પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરો. તથાસ્તુ.

# सूक्तरत्नावली.

( શ્રી વિજયસેનસૂરિ વિરચિત. )

## સ્વતંત્ર-અનુવાદ.

(ગતાંક પૃષ્ટ ૯૦ થી શરૂ.)

खण्डीकृतोऽपि पापात्मा, पापान्नैव निवर्तते ।
शिरोहीनोऽपि किं राहुर्ग्रसते न सुधाकरम् ? ॥ ३९ ॥

પાપી માણસને ખંડિત કર્યો હોય તોપણ તે પાપ કરવાથી નિવૃત્ત થતો નથી. રાહુ મસ્તક વગરનો કર્યો છે, તોપણ તે શું ચંદ્રનો ગ્રાસ નથી કરતો ? ૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बालं दृष्ट्वाऽपि दुष्टानां, दयोदेति हृदि ध्रुवम् ।
ग्रस्यते किं द्वितीयायाः, शत्रुणा राहुणा शशी ? ॥ ४० ॥

બાલકને જોઇ દુષ્ટ પુરૂષોને પણ જરૂર દયા ઉત્પન્ન થાય છે, રાહુ શત્રુ છે છતાં પણ બીજના ચંદ્રને શું ગ્રસે છે? ૪૦

अभाग्ये सत्यनर्थाय, सतां सङ्गोऽपि जायते ।
नालिकेरजलं जज्ञे, कर्पूरमिलनाद्विषम् ॥ ४१ ॥

જો સારૂં ભાગ્ય ન હોયતો સારા માણસોનો સંગ પણ અનર્થને ઉત્પન્ન કરે છે. નાળીએળનું જળ કપૂર સાથે મળવાથી વિષ થઈ જાય છે. ૪૧

विरोधोऽपि भवेद्भूत्यै, कलावद्भिः समं सखे ! ।
दीयते काञ्चनं चन्द्रग्रासात्तमसि वीक्षिते ॥ ४२ ॥

હે મિત્ર, કળાવાન્[1] પુરૂષની સાથેનો વિરોધ પણ સંપત્તિને માટે થાય છે. ચંદ્રના ગ્રહણથી અંધકાર જોવામાં આવે ત્યારે સુવર્ણનું દાન અપાય છે. ૪૨

कलावानपि जिह्मात्मा, बहुभिर्बहु मन्यते ।
किमु लोकैर्द्वितीयायां, नमश्चक्रे न चन्द्रमाः ? ॥ ४३ ॥

કળાવાન્ માણસ કદિ વાંકો હોય તો પણ ઘણાંઓ તેનું બહુમાન કરે છે. લોકો બીજના ચંદ્રને શું નથી નમતા ? ૪૩

अश्व(स्व)कोऽपि गुणैर्गाढं, स्यात्सभाजनभाजनम् ।
आरोप्यते नृपैर्मूर्ध्नि, वनोत्पन्नोऽपि चन्दनः ॥ ४४ ॥

પોતાનો ગણાતો ન હોય છતાં જો તેનામાં ગુણો હોય તો તે ગુણો વડે ઘણાં સત્કારનું પાત્ર બને છે. ચંદન વનમાં ઉત્પન્ન થાય છે, છતાં રાજાઓ પણ તેને મસ્તક ઉપર ધારણ કરે છે. ૪૪

पापधीर्द्रुतमभ्येति, बहूपायैश्च धर्मधीः ।
वस्त्रे स्यात् कालिमा सद्यः, शोणिमा भूरिभिर्दिनैः ॥ ४५ ॥

પાપ બુદ્ધિ તરત ઉત્પન્ન થાય છે અને ધર્મબુદ્ધિ ઘણાં ઉપાયોથી ઉત્પન્ન થાય છે. વસ્ત્રમાં કાળાશ તરત લાગે છે અને રતાશ ઘણે દિવસોએ લાગે છે. ૪૫

संपत् पापात्मनां प्रायः, पापैरेवोपभुज्यते ।
भोज्यं बलिभुजामेव, फलं निम्बतरोरभूत् ॥ ४६ ॥

૧ કળાવાન્—કળા જાણનારો ચંદ્રપક્ષે કળાવાળો.

૨ काकानाम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાયે કરીને પાપીઓની સંપત્તિ પાપીઓજ ભોગવે છે. લીંબડાનું ફળ કાગડાઓનેજ ભોગ પડે છે. ૪૬

**भोग्यं भाग्यवतामेव, संचितं तद्धनैर्धनम् ।**
**परैरादीयते नूनं, मक्षिकामेलितं मधु ॥ ४७ ॥**

લુબ્ધ ધનવંતોએ સંચય કરેલું ધન બીજા ભાગ્યવાનોને ભોગ થઇ પડે છે. માંખીઓએ એકઠું કરેલું મધ બીજાઓ લઈ જાય છે. ૪૭

**का क्षतिर्यदि नासेवि, तुङ्गात्मा मलिनात्मभिः ? ।**
**का हानिर्हेमपुष्पस्य, मुक्तस्य मधुपैरभूत् ? ॥ ४८ ॥**

મોટા પુરૂષોને કદિ મલિન પુરૂષો સેવે નહીં, તેથી તેમને શી હાનિ છે? સોનેરી ચંપાના પુષ્પને કદિ ભમરાઓ* છોડી દે છે. તેથી તેને શી હાનિ થવાની છે. ? ૪૮

**नीचानां वचनं चारु प्रस्तावे जल्पतां सताम् ।**
**प्रीतिकृत् प्रस्थितानां हि, वामं गर्दभगर्दितम् ॥ ४९ ॥**

યોગ્ય અવસરે બોલનારા નીચ લોકોનું વચન પણ સારૂં લાગે છે. પ્રયાણ કરનારાઓને ડાબી તરફ ગધેડા બોલે તો પ્રીતિ ઉપજે છે. ૪૯

**लघोरपि वचो मान्यं, समये स्याद् महात्मनाम् ।**
**प्रस्थितैर्वामदुर्गायाः, शब्दः श्रेयानुदीरितः ॥ ५० ॥**

યોગ્ય સમયે હલકા માણસનું વચન પણ મોટાઓને માન્ય થઇ પડે છે. પ્રયાણ કરતી વખતે દુર્ગા ડાબી તરફ બોલે તો તે શબ્દ શ્રેયસ્કારી લાગે છે. ૫૦

**स्थानभ्रष्टोऽपि शिष्टात्मा, लभेन्मानमनर्गलम् ।**
**खानेश्च्युतो मणिर्भूमन्मूर्धानमधिरोहति ॥ ५१ ॥**

ઉત્તમ મનુષ્ય સ્થાનભ્રષ્ટ થયો હોય તો પણ ઘણું માન મેળવે છે. ખાણમાંથી ભ્રષ્ટ થયેલા મણિ રાજાના મસ્તક ઉપર ચડે છે. ૫૧

( અપૂર્ણ. )

* ભમરાઓ કાળા મલિન છે.

१ तद्द् धनं येषां ते तथाभूताः तैः, तत्तद्धनपतिभिरित्यर्थः । २ स्वर्णचम्पकस्य । ३ भूमतां राज्ञां मूर्धा शिरः तम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "सूक्तरत्नावली–सुधारो."

ગયા અંકના પા. ૮૯ માં સૂક્તરત્નાવલીના લેખના ૩૭ મા શ્લોકનો અર્થ જે છપાયેલ છે તેને બદલે તેનો અર્થ નીચે મુજબ સમજવો. પ્રતાપી (પ્રતિષ્ઠાવંત) ને પ્રતિષ્ઠાની હાનિ થયે છતે અન્ય દેશ (દેશાન્તર ગમન કરવું ઉચિત છે. જુઓ કે! સૂર્યની કાન્તિ (તેજ) નો લોપ થયે છતે શું તે દ્વીપાંતરને ગમન નથી કરતો? અર્થાત્ કરે છે."

# "ઉઘાડી છે અમે બારી."

### ગઝલ—કવ્વાલી.

૧

સચ્ચેષ્ટા ને સદાચારી, પ્રવૃત્તિ પંથ જો ચુકે;
પ્રકર્ષ પંથે ચડા'વાને, ઉઘાડી છે અમે બારી.

૨

મૂર્ખ કે લોભી કે કોઈ, પ્રભુતા પંથને ચુકે;
સરળ માર્ગે ચડા'વાને, ઉઘાડી છે અમે બારી.

૩

સુશીલ સુહૃદ્ કે દુષ્મન, વિકટ રસ્તે પડે ભુલા;
નિકટ માર્ગે ચડા'વાને, ઉઘાડી છે અમે બારી.

૪

નૂતન બારી તણું વારિ, સકળ હિંદને પાશું;
જપાવી મંત્ર નીતિનો, ઉઘાડી છે અમે બારી.

૫

હવા બ્રહ્મચર્યની લેવા, જ્ઞાન "ગુલાબ"ને મળવા;
જીવન આદર્શ દાખવવા, ઉઘાડી છે અમે બારી.

આમીન!!!

ભાવનગર, તા. ૨૮–૧૧–૧૫. } ગુલાબચંદ મૂળચંદ બાવિસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "તરંગ."

હે યુવક બન્ધુઓ! તમો શું વૃદ્ધ માતા-પિતાના વચનોને નહિ ગણકારતાં તમારાજ તરંગમાં તણાવા ઇચ્છો છો!! અવશ્ય સમજજો કે તે કાચા હૈયામાંથી જાગતો તરંગ તમને નક્કી કોઇ ઉંડા સમુદ્રમાં નાંખી દેશે અને તરંગાવેશમાં ક્યાંઈ મરાઈ જશો!!! જ્યાંસુધી પરિપકવતા થઇ નથી, જ્યાંસુધી નાસ્તિકતાના આવેશો આવ્યા કરે છે, જ્યાંસુધી લાડી, વાડી અને મોજીલાઈ ગમે છે ત્યાંસુધી અવશ્ય સમજજો કે તમો કોઇ રીતે હિંદમાતાના માનીતા પુત્ર તરીકેનો દીવો કુદરતદેવીના ન્યાયાલયમાં બેધડક કરી શકશો નહિ. ઐહિક સુખને છંછેડશે અને અવશ્ય તરંગો તમોને તારવાને બદલે ભરપૂર કાંટાવાળી દુઃખી જાળમાં નાંખશે અને અણમોલું જીવનરત્ન હસ્તમાંથી છટકી જશે. માટે તરંગ ઉપર કદી નહિ જતાં તમારીજ ઉમ્મરના હોય અને બલ્કે કનિષ્ઠ હોય તો પણ તેમને પૂછીનેજ કામ આદરજો. યુવાનીમાં ઉદ્ભૂત થતા તરંગો ખરેખર જે સુખની ભવિષ્યમાં ચાહના રાખતા હશો તે નહિં પ્રાપ્ત થાય પરંતુ જે દુઃખો આપણા અપરિચિત છે તે શોધતા આવશે અને તરંગથી હેરાન થવુંજ પડશે. દાખલા તરીકે એક મનુષ્ય પોતાના અંતઃકરણના વિચાર પ્રમાણે સમાજ સેવાનું અથવા બિજાને અનુયાયી બનાવવાનું જાહેર કામ કરે પરંતુ તે કામ જાહેરમાં, વિદ્વાનોમાં અથવા સહચારીઓમાં ખરાબ લાગતું હોય અને પોતે પોતાના હૃદયને છેતર્યા વિના કાર્ય બજાવતા હોય તો શું જાહેર પ્રજાનું મન ઉડાવી દઇને તે કાર્ય બજાવવું યોગ્ય છે! આશા રાખું છું કે જો કદરદાન પ્રજા નારાજ થતી હોય તો તે કાર્ય તે માણસે પોતાના તરંગને તિલાંજલી આપીને ત્યજી દેવું જોઈએ પરંતુ મોટા મનુષ્યના કાર્યની અને તેમની પદ્ધતિની અને છેવટ તેમની ભૂલ્યોની તો બલિહારીજ જણાય છે?? પરંતુ જ્યાં સુધી યુવાવસ્થામાં જીવન ઝપાટો લગાવી રહ્યું હોય ત્યાં સુધી મનની વૃત્તિઓ વધારે ચંચળ હોય અને તે ચંચળતા વશાત્ તરંગ ઉપસ્થિત થાય, તે તરંગથી જીવન ખુવાર મળી જાય. વળી દરેક બાબતમાં અભ્યાસ-વાણિજ્ય વિગેરેમાં તેમજ છે. માટે જુના કેટલાક રીત-રીવાજોને માન આપીને ધર્મ ઉપર શ્રદ્ધા રાખીને પછવાડેથી સાધુ મહાત્માઓની અને જ્ઞાની પુરુષોની નિંદા નહિ કરીને, સ્થાપિત મંડળો કે સમાજોનું વાંકું નહિ બોલીને તમારૂં જીવન પ્રગતિ કરજો અને તરંગમાં નહિં ઘસડાતા, પોઝીશનમાં નહિં પલટાતા, વૃદ્ધ માતા-પિતાને પૂજતાં સર્વ કાર્ય આદરજો, અને છેવટ—

જીવન તમ ઉચ્ચને માટે, પ્રયાસો અધથી કરજો;
થવા ઉપયોગી માનવને, તરંગો શોખના છોડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે "ગુલાબ" વિનવીને, વ્હાલા વાચક બન્ધુઓ,
વડીલોને પૂછી કરજો, ઝીણાને મહાન જે કાર્યો.

વિચાર જાગૃતિ.
શ્રી જૈન આત્માનંદ સભા,
તા. ૨૮-૧૧-૧૫ ચંદ્રવાર.

લેખક,
ગુલાબચંદ મૂળચંદ બાવિસી.
(ચુડાવાળા.)

# શ્રી સમેતશીખરજી તીર્થની યાત્રા કરવા જનારા યાત્રાળુઓને માટે એક સગવડ.

શ્રી સમેતશીખરજી તીર્થના વહીવટ કરનારા મેનેજર-એજંટ દેવનાથસિંહ જૈન શ્વેતાંબર કોઠી મધુવન પારસનાથના તરફથી નીચેની હકીકત પ્રકટ કરવા અમોને મળી છે. તે જૈન કોમની જાણ માટે નીચે આપવામાં આવે છે.

શ્રી સમેતશીખરજી જવા માટે રેલવે સ્ટેશન ગીરડીથી બેલ-બળદગાડીમાં શ્રી સમેતશીખર જવાતું હતું. જેથી યાત્રાળુઓને ઘણીજ મુસીબત વેઠવી પડતી હતી, પરંતુ હાલમાં હજારીબાગના રહીશ બંગાળી કુંપનીએ યાત્રાળુઓની સગવડને માટે ગીરડી રેલવે સ્ટેશનથી મધુવન સુધી તા. ૧-૧૨-૧૯૧૫ થી મોટી મોટરકાર ગાડી જેમાં એક સાથે ૨૪ થી ૩૦ પેસેન્જરો સગવડથી બેસી મુસાફરી કરી શકે તેવી ગોઠવણ કરવામાં આવેલ છે, જે એક કલાકની અંદર બહુજ સુખાકારીથી મધુવન પહોંચી શકશે.

સદરહુ મોટરગાડીનું ભાડું નીચે મુજબ છે.

પહેલો વર્ગ....રૂા.૪-૦-૦
બીજો વર્ગ.....રૂા.૨-૮-૦
ત્રીજો વર્ગ.....રૂા.૧-૮-૦

પેસેન્જરોને દર ટીકીટ મુજબ પહેલો વર્ગ ૪૦ શેર બીજા વર્ગને ૨૦ શેર ત્રીજા વર્ગને ૧૫ શેર બંગાળી ભાર મફત લઈ જવા દેવામાં આવે છે. તે ઉપરાંત બોજો વધારે હશે તો ઉપરનો બાદ કરી એક મણના દશ આના પ્રમાણે ચાર્જ આપવો પડશે.

યુરોપીયન લોકોના ક્રીસ્ટમસ-નાતાલના તેહેવાર ઉપર સીંગલ એકવડી ટીકીટથી બે વખત જવાનો લાભ મળે છે. (મળેલું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આત્માનંદ પ્રકાશના અધિપતિ જોગ—

ભાવનગર.

સાહેબ

જૈન વસ્તિના ઘટાડાનો પ્રશ્ન હમણા હમણાંથી ભારતવર્ષના જૈનને એક મોટી ચિંતાનું કારણ થઇ પડયું છે. તેનું કારણ શોધવાને જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ આખા હિંદમાં એ સંબંધે હાલ તપાસ કરાવવી એ કોન્ફરન્સના ટુંકા ફંડ ધનભંડોળથી થઇ શકે તેમ નથી. કારણ કે તે બહુજ ખર્ચાલ પ્રશ્ન છે ને મુંબઇશહેર સંબંધેજ એ પ્રશ્નનો ઉકેલ કરવાનો માટે એક કમીટીની નિમણોક કરવાનું તે સંસ્થાએ યોગ્ય ધાર્યું છે. સન. ૧૯૧૧ ના ઇમ્પીરીયલ કોન્સેસ રીપોર્ટ ભાગ ૨ જો ( વસ્તિ ગણત્રી પત્રક ) માંથી લીધેલ ઉતારો જૈન સમાજને અતિ ઉપયોગી થઈ પડશે. તે રીપોર્ટમાં છેલ્લા દશકામાં આપણી કોમમાં જુદા જુદા વિભાગમાં કેટલા કેટલા ટકા ઘટ થઇ તે બરાબર બતાવેલું છે. આ પ્રશ્ન ચર્ચવાને જો કોન્ફરન્સ આવી અસાધારણ ભયદાયક ઘટને અટકાવા કાંઇ ઉપાય લેવાને અશક્ત હોયતો જૈન સમાજમાંથી પ્રત્યેક ઇલાકામાં આ પ્રશ્ન ચર્ચવાને પ્રાંતિક કમિટિઓ નિમાય તો તે લાભદાયક થઈ પડશે.

તમારો

મુંબઈ ૧૦–ડીસેમ્બર ૧૯૧૫ **નરોત્તમ બી.શા.**

## રીપોર્ટ

ભારતવર્ષમાં ઉત્પન્ન થયેલા ધર્મોમાં જૈન ધર્મ સંખ્યા બળની નજરે જોતાં બહુ ઓછી અગત્ય ધરાવે છે તેના મતના અનુયાયીઓ ઘટ્ટ પ્રમાણમાં રહે છે. તેમની કુલ વસ્તીમાંની ૩૫૩૦૦૦ રજપુતાના અને અજમેર મેરવાડામાં વસે છે અને ૮૧૫૦૦૦ નજીકના સંસ્થાનો અને પ્રાંતોમાં રહે છે. મુંબઈના સંસ્થાનો અને અજમેર મેરવાડામાં વસ્તીના ૪ ટકા જૈનો છે, રજપુતાનામાં ૩ ટકા છે વડોદરામાં ૩ ટકા છે, અને મુંબઈ શહરમાં એક ટકો છે. બીજા પ્રાંતોમાં તેમની સંખ્યા ઘણીજ જુજ પ્રમાણમાં માલૂમ પડે છે. દક્ષિણમાં જૈનો મૂળ વતની તરિકે ઘણા થોડા છે અને તેઓ, પોતાના રજપૂતાનામાં વસ્તા સ્વધર્મીઓ જેમ પ્રમાણે વ્યાપાર ઉપર નહિં; પણ ખેતી ઉપર નભે છે. ૧૮૯૧ ના વર્ષથી જૈન કોમનું સંખ્યા બળ ઘટતું જાય છે અને ૬૦૪ ટકાની ઘટ પછી પાછી ૫૦૮ ટકાની ઘટ પડી છે; જણાવવામાં આવ્યું છે કે જૈનો હિંદુ સામાજિક બંધારણમાં આવી જાય છે અને તેઓ ઘણીવાર હિંદુ તરિકે ગણાવાને ઇચ્છે છે. હમણાંજ તેમાથી થોડાક આર્ય સમાજમાં ભળ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે પંજાબ, સંયુક્ત પ્રાંતો અને મુંબઈમાં તેઓ હિંદુ ઉત્સવોમાં આનંદથી ભાગલે છે અને એ ધર્મમાં ભળી જાય એવો સંભવ રહે છે. એક દશકામાં તેમની વસ્તીમાં સંયુક્તપ્રાંતોમાં ૧૦ ટકા, પંજાબમાં ૬ ટકા, અને મુંબઈમાં ૮–૬ ટકાનો ઘટાડો થયો છે. વડોદરા સ્ટેટમાં પ્રાંતિક સુપરિન્ટેન્ડન્ટ જણાવે છે કે દશટકાનો ઘટાડો પરદેશ જવાને લીધે છે અને તેઓ પોતાને હિંદુ તરિકે ગણાવે; તેથી તેની સંખ્યામાં ઘટાડો થાય એ હમણાં જૈન સમાજમાં જણાતી જાગૃતિથી અસંભવિત લાગે છે. મધ્યપ્રાંતોમાં અને વરાડમાં પણ જાગૃતિ આવી છે. પરંતુ નિરુત્સાહને લીધે મંદતા આવી ગઈ છે અને અકોલાના કસાર અને જૈન કલાર હિંદુ ધર્મમાં આવી ગયા છે. મધ્યપ્રાંતમાં વડોદરા પ્રમાણે પરદેશના વસવાટને લીધે ૨૨ ટકાનો ઘટાડો જણાવવામાં આવે છે. આ કારણ પણ અનેકમાંથી એક કારણ ઘટવાનું હોઇ શકે. પણ પ્લેગને લીધેજ ઘણી મોટી ઘટ થઇ છે એમાં જરાયે શંકા જેવું નથી. જૈનો અસાધારણરીતે નગર નિવાસ કરનારાજ છે અને જ્યાં તેમની સંખ્યા વિગેરે પ્રમાણમાં છે તે શહેરોને એ રોગે વારંવાર સપડાવેલું છે. દીગમ્બર અને શ્વેતામ્બરના પ્રમાણ વિષે ખાસ નોંધને અભાવે કાંઇ પણ કહેવું તે અસંભવિત છે, તેમજ શ્વેતામ્બરમાંથી ઉત્પન્ન થયેલ સ્થાનકવાસી કે ઢુંઢીયા કહેવાતા જૈન પંથ વિષે પણ કાંઈ કહી શકાય નહિં. એ ( સ્થાનકવાસી ) મતના અનુયાયીઓ પ્રાણી દયાને હદ ઉપરાંત ઘણાજ આગ્રહથી જાળવે છે, અને મૂર્તિને પૂજતા નથી. તેઓ મજબુત મતાગ્રહી છે અને વસ્તી ગણત્રી પત્રકમાં એક જુદા મતના અનુયાયી તરિકે ગણાવા માટે વારંવાર અરજ કર્યા કરે છે. પણ કાર્યમાં મૂકવાનો હવે યોગ્ય કાળ વીતી ગયો છે.

મુંબઇ. ૧૦–૧૨–૫ } N. B. Shah.

# " सौजन्यता. "

સૌજન્યતા એ મનુષ્યના બાહ્ય ગુણોમાંનો એક અલંકારરૂપી ગુણ છે. સુજનતાથી કીધેલું કર્મ શોભામાં અધિક વૃદ્ધિ કરે છે તેમજ તે ગુણ જે મનુષ્યની અંદર પૂર્ણ રીતે રહેલો હોય તો તેવા મનુષ્યોની સંગતિ લોકોને પ્રિય તથા સુખાવહ થાય છે.

જે મનુષ્ય વિવેક, સરલતા, સદ્વર્ત્તન, સહનશીલતા, પ્રમાણિકતા, ધૈર્યતા, સત્યતા વિગેરે ગુણોથી અલંકૃત હોય પણ જો તેમનામાં સૌજન્યતાનો ગુણ ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેવા મનુષ્યને પૃથ્વીતલ વિષે શ્રેષ્ટ માનવો યોગ્ય નથી; કારણકે સુજનતા એજ સર્વ સદ્દગુણોમાં મુખ્ય અને પ્રથમ ગ્રાહ્ય કરવાનો ગુણ છે અને તેનાથીજ મનુષ્યની અંદર બીજા ગુણોનો સમાવેસ થાય છે. જેમ સુકાન વિનાનું વહાણ દરિયાના પાણીની સપાટી ઉપર ગમે ત્યાં ઘસડાઇ જાય છે તેમ જો મનુષ્યના મનમાં સત્કાર્ય કરવાનો અથવા સદાચરણથી વર્તવાના વિગેરે સદ્દગુણો ન હોય તો તેની સૌજન્યતા લાંબી મુદત ટકી શકતી નથી. અનાદિ કાળથી દુર્જનતા આત્માની સહચારિણી છે અને તે વગર પરિશ્રમે પ્રાપ્ત થાય છે. પણ સુજનતા ઘણો પરિશ્રમ કરે છતાં જે અનેક વિઘ્નો આડાં આવે તે ધીરજથી ઓળંગાય ત્યારેજ પ્રાપ્ત થાય છે અને ત્યારપછીજ આત્મા ઉચ્ચ પદવીએ આવી શકે છે. સુજનતાથી અંતઃકરણ સ્વસ્થ રહે છે અને તેને યોગે મનુષ્યનું સદાચરણ કદી છૂટતું નથી. શ્રીમાન અથવા વિદ્વાન થવું તે અગર જો કે પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય છે, પણ સભ્યતાથી વર્તવું તે દરેક મનુષ્યનું પ્રથમનુંજ કર્ત્તવ્ય છે. કારણ કે વિદ્વતા અથવા શ્રીમન્તાઇ તે પોતાનાં કુટુંબનું ભરણપોષણ કરવામાં સહાયભૂત થાય છે. પણ સુજનતા આત્માને સદ્દગતિએ પહોંચાડનાર છે.

દુનિયામાં બુદ્ધિ કે વિદ્વતા ઘણા થોડામાં હોય છે એમ નથી પણ માત્ર તે બન્ને પ્રાપ્ત કરવાથીજ માણસો શ્રેષ્ટતા પામતા નથી. વિદ્યા નિરર્થક નથી પણ જો તે સુજનતા યુક્ત હોય તોજ હિતાવહ છે. મનુષ્ય ગમે તેવો વિદ્વાન અને વ્યુત્પન્ન હોય પણ જો તે દુર્જનની પંક્તિમાં આવતે તો કોઇ વેળા તે સાધારણ ગામડીયા કરતાં પણ હલકો ગણાય છે. વિદ્ધત્તાની સાથે વિચાર, વ્યવહાર, જ્ઞાન, યુક્તિ પ્રયુક્તિ, ધૈર્ય, પ્રમાણિકપણું, સુસ્વભાવ વિગેરે સદ્દગુણો હોય તોજ તે મનુષ્ય વિદ્વતાને પામેલો કહેવાય છે.

કેટલાએકના માનવામાં એમ આવે છે કે સુજનતા ગુણ સંપાદન કરવામાં દ્રવ્યની ખાસ જરૂર છે. પણ સંપત્તિ અને સુજનતાને બિલકુલ સંબંધ નથી. કોઈ વખતે દ્રવ્યને અંગે સુગુણોનો નાશ પણ થઈ જાય છે. અને તેથી ટૂંક વિચારના અને અજિતેંદ્રિય મનુષ્યને જો સંપત્તિ પ્રાપ્ત થાય, તો તેજ સંપત્તિ તેનાજ સંકટનું મૂળ કારણ થઈ પડે છે. માટે સુજનતા એજ ખરી સંપત્તિરૂપ છે. તે બાબતમાં કહ્યું છે કે:—

वयसः कर्मणोऽर्थस्य श्रुतस्याभिजनस्य च
वेषवाग्बुद्धिसारूप्यमचरन् विचरेदिह ॥ १ ॥

' शीलं परं भूषणम् '

" દરેક મનુષ્યે આ લોકમાં વેષ, ભાષણ, ને બુદ્ધિમાં પોતાનાં વય, કર્મ, પૈસા, જ્ઞાન ને વડીલોને અનુસરીને આચરણ કરવું જોઇએ. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌજન્યતાના ગુણ પ્રાપ્ત કરવાનું મૂળ સાધન ગૃહશિક્ષા છે. મનુષ્ય ગમે તેવો વિદ્વાન્ હોય પણ નાનપણમાં જે માણસની સાથે વસ્યો હોય, તેનામાં આવ્યા વિના રહેતો નથી. નાનાં બાળકો જે કંઈ જુએ છે, તેનું તે અનુકરણ કરે છે. તો 'અનુકરણ' બાળકોનું પ્રથમ શિક્ષણ છે. તો બાલ્યાવસ્થામાં જેવો સ્વભાવ પડે છે તેવોજ હમેશાં રહે છે. મોટપણમાં ગમે તેવું ઉંચ પ્રકારનું શિક્ષણ પામે પણ નાનપણના સ્વભાવનો જરા અંશ પણ તેનામાં રહ્યા વિના રહેજ નહિં. ગૃહશિક્ષા સારી હોવાથી જેમ ફલદાયક છે, તેમ નઠારા હોવાથી હાનીકારક પણ થાય છે. વીશ વરસમાં જે દુર્ગુણો ઠસે છે તેથી આખા જન્મારાને હાની થાય છે અને તે દૂર કરવાને ગમે તેવો મહાન્ ગુરૂ હોય પણ અશક્તિવાન્ નીવડે છે. તો જો માતા, પિતા વ્યસની, કજીયાખોર, હોય તો તેના સંતાન પણ તેવાં નીવડે છે. બાળક સારૂં કે નઠારૂં નીવડે તે તેની માતા ઉપરજ આધાર રાખે છે. પિતા નઠારા સ્વભાવનો હોય અને માતા સુસ્વભાવવાળી હોય તો તેમનાં બાળક ઉત્તમ ગુણવાળાં નીવડે એવું આપણે ઘણે ઠેકાણે જોઇએ છીએ. પણ માતા નઠારા સ્વભાવની અને પિતા સુસ્વભાવનો હોય અને તેમનાં બાળકો ઉત્તમ ગુણવાળાં નીવડે એવું કવચિતજ માલૂમ પડે છે. કારણ કે પિતાએ આપેલું શિક્ષણ કાયદા, નીતિ યુક્ત હોય છે પણ માતાએ બાળવયમાંથીજ આપેલું શિક્ષણ શબ્દાલંકાર યુક્ત કાવ્યથી અપાયલા નીતિબોધ જેવું હોય છે. તો માતાપિતાએ સભ્યતાથી વર્તી પોતાનાં બાળકોને બાળપણથીજ સભ્યતાથી વર્ત્તન કરવું વિગેરે બાબતોના સંસ્કાર ઠસાવવા પ્રયત્ન કરવો.

ગૃહશિક્ષાથી બાળક પૂર્ણ રીતે સદ્ગુણો પ્રાપ્ત કરી શકતું નથી કારણકે જેમ જેમ તે મોટી ઉમરનું થતું જાય છે તેમ તેમ તેને ઇતર બાળક, યુવાન કે વૃદ્ધના સહવાસમાં આવવું પડે છે, તો સદ્ગુણ યુક્ત થવા સંગતિની ખાસ આવશ્યતા છે. નાનપણથી જ બાળક બીજાનું અનુકરણ કરે છે. અને અનુકરણથી શીખવું તે બાળક, યુવાન યા વૃદ્ધનો પ્રકૃતિ સ્વભાવ છે. ચાલવું, બેસવું, સુવું, ઉઠવું, ખાવું, પીવું, વર્ત્તવું વિગેરે જેમ જેમ બાળક મોટી ઉમરનો થતો જાય છે તેમ તેમ બીજાનું અનુકરણ કરી શીખે છે. દાખલા તરીકે સાધારણ બે મનુષ્યો અથવા મિત્રો મળે છે તો પણ સામસામાના વિચાર તુરત બદલાઈ જાય છે તો કાચીવયનું બાળક કે જેની બુદ્ધિ પરિપકવ નથી તેમાં સામાના (જેની સાથે સોબતમાં આવ્યું હોય તેના ) ગુણો આવ્યા વિના કેમ રહે ? તો 'સોબત જેવી અસર' થયા વિના રહેતી નથી. મારકણા ધોળા બળદની સાથે જો સોજો કાળો બળદ બાંધવામાં આવે તો કાળા બળદનો વાન બદલાઈ ધોળો થતો નથી પણ લાત મારવાની ટેવ તેને ટુંક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુદ્દતમાં પડે છે. વિદ્યાહીન–અભણ મનુષ્યને દુષ્ટનો સંગ લાગે તો તેને પાછો સુજન બનાવવાનો સંભવ ઘણો થોડો છે. યુવાવસ્થામાં જે દુર્ગુણ આપણને વળગ્યો હોય અને તે આપણને જ્યારે સૂઝે ત્યારે દૂર કરવાને મથીએ પણ તે એકદમ છુટતો નથી; તેજ માટે બાળપણથીજ સદ્દગુણપર પ્રીતિ અને દુર્ગુણ તરફ તિરસ્કાર એ બે ગુણો મનુષ્યમાં હોવા જોઈએ. ( અપૂર્ણ. )

# ગ્રંથાવલોકન.

## " મૃગાંક લેખા ચરિત્ર "

ઉપરનો ગ્રંથ અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલ છે. આ પવિત્ર શિયળવતીનો વૃત્તાંત સમ્યક્ત્વ સપ્તતિ નામના ગ્રંથની તત્ત્વકૌમુદી નામની ટીકામાં છે. મૂળ ગ્રંથ બહુજ પ્રાચીન પ્રાકૃત ભાષામાં છે. જેમાં સમ્યકત્વના ૬૭ ભેદોનું વર્ણન પણ આપવામાં આવે છે જેની ટીકા સંસ્કૃત ભાષામાં છે. આ ગ્રંથમાંથી ઉદ્ધરણ કરી હિંદિ ભાષામાં નાટકીય રૂપમાં ઉપરનો ગ્રંથ વિદ્દ્રત્ન મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી વિમલવિજયજી મહારાજે રચેલ છે. કેટલાક પાત્રોના મુખથી કહેવામાં આવેલ શિક્ષાપ્રદ તથા રસિક અને આલ્હાદ ઉત્પન્ન કરે તેવા વાકયોથી આ ગ્રંથની ગૌરવતામાં વધારો થયો છે. તેમાં મૂળ ચરિત્ર ઘણુંજ રસિક અને બોધપ્રદ છે, તેમાં આ રચનાથી તે ખાસ વાંચવા લાયક બનેલ છે. હિંદિ ભાષામાં આવી યોજના આ પ્રથમ છે. હિંદિ ભાષા છતાં દરેક જૈન બંધુઓ અને બહેનોને આ ગ્રંથ અક્ષરસહ વાંચવા અમો ભલામણ કરીએ છીયે.

પ્રકટ કરનાર—શ્રી આત્માનંદ જૈન સભા–અંબાલા શહેર–પંજાબ. કિંમત ૭ આના.

આ ગ્રંથ સાધુ, સાધ્વી મહારાજને શેઠ નગીનદાસ કપૂરચંદ–સુરત. ગોપીપુરાના શીરનામે લખવાથી ભેટ મળી શકશે.

## આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે ગ્રંથો ભેટ મોકલવામાં આવેલા છે. આ વખતે બાર માસ પૂર્ણ થયા પહેલાં બે વખત ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે. હજી પણ બીજા અનેક ગ્રંથો છપાતા હોવાથી અનેક સંખ્યામાં ગ્રંથો ભેટના મળી શકશે. **આ સભામાં લાઇફ મેમ્બર થનારને ઘણા ગ્રંથો ભેટ મળતા હોવાથી આર્થિક લાભ સાથે ગ્રંથોનું એક સારૂં ભંડાળ–સંગ્રહ થવાથી એક ઉત્તમ પુસ્તકાલય બને તેમ છે જેથી લાઇફ મેમ્બર થઇ ખાસ તે લાભ લેવા જેવું છે.**

જે લાઇફ મેમ્બર સાહેબોને ગ્રંથ ન મળ્યા હોય તેમણે અમોને સત્વર લખી જણાવવું.

સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં દાખલ થયેલ નવા માનવંતા સભાસદો.

૧ શેઠ ચુનીલાલ નાનચંદ રે૦ પાટણ હાલ (મુંબઇ ) બી. વ. લાઈફ મેમ્બર.
૨ પેન્ટર લક્ષ્મીચંદ મકનજી રે૦ અમદાવાદ પે. વ. વાર્ષિક મેમ્બર.
૩ શા. દામોદરદાસ. વનમાળીદાસ રે૦ ભાવનગર પે. વ. વાર્ષિક મેમ્બર.
૪ શેઠ જીવનલાલ પ્રતાપસિં રે૦ રાધનપુર હાલ ( મુંબઈ ) પે. વ. વાર્ષિક મેમ્બર.
૫ શેઠ વૃદ્ધિલાલ મગનલાલ રે૦ રાધનપુર હાલ મુંબઈ પે. વ. વાર્ષિક મેમ્બર.

## विविध पूजा संग्रह.

### ( શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ વિરચિત ચૌદ પૂજાઓનો સંગ્રહ. )

મહોપકારી શ્રીમદ્ **વિજયાનંદ સૂરીશ્વર** રચિત પૂજાઓ કે જેને માટે સંગીતના પ્રોફેસરો અને પૂજાના જાણકાર રસિકો તેમની રચનાના સંબંધમાં અનેક વિધ પ્રશંસા કરે છે, તે પાંચ પૂજાઓ તથા તેમને પગલે ચાલતા પ્રસિદ્ધ વક્તા શ્રીમાન્મુનિરાજ શ્રી **વલ્લભવિજયજી મહારાજની** બનાવેલી ૯ પૂજા કે જે વર્તમાન સમયને અનુસરતા રાગરાગણીથી ભરપુર હોઈ આકર્ષક છે. ગયા અને તેની પહેલાના વર્ષમાં મુંબઈ નગરીમાં તેઓશ્રીના ચાતુર્માસ દરમ્યાન તેઓની છેલ્લી બનાવેલી શ્રી પંચપરમેષ્ઠિની પૂજા મુંબઈની જૈન પ્રજાએ વારંવાર ભણાવી, સાંભળી તેની અપૂર્વ રસિકતા જાણી અપૂર્વ આનંદ અનેકવાર લીધેલ છે અને તેની ઉપયોગિતા. કૃતિની રસિકતા એકમતે સિદ્ધ થઇ ચુકી છે, તેની વારંવાર માગણી થવાથી ઉક્ત બંને મહાત્માઓની કૃતિની તમામ પૂજાઓ સાથે છપાવી છે. પૂજા શોધવામાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે કૃપા કરેલી હોવાથી તદન શુદ્ધ છપાયેલ છે.

ઉંચા ઇંગ્લીશ ગ્લેજ કાગળો ઉપર સુંદર શાસ્ત્રી મોટા ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી તેનું એટલું બધું સુંદર બાઇડીંગ કરાવવામાં આવેલ છે કે તે જોતાં તરતજ ગ્રહણ કરવાની ઇચ્છા થાય. જેને માટે ઘણો મોટો ખર્ચ કરવામાં આવેલ છે, જે શુમારે ત્રીશ ફારમ સવાચારસે પાનાનો દળદાર ગ્રંથ છતાં તેનો બહોળો પ્રચાર થવા માટે મુદ્દલથી ઘણી ઓછી કિંમતે એટલે માત્ર રૂા. ૦-૮-૦ આઠ ( પોસ્ટેજ જુદું ) ની કિંમત રાખવામાં આવેલ છે, માત્ર જુજ નકલો બાકી છે, જેથી નીચેના સરનામેથી જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીસય ઠાણ સટીક " શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ " રત્નશેખરી કથા " શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત.
૪ " દાનપ્રદીપ " શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ " મહાવીર ચરિત્ર " શ્રી નેમીચંદ્રસૂરી કૃત, શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ " સંબોધ સિત્તરી સટીક " શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.
૭ " ષટ્સ્થાન પ્ર—સટીક " શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઈ રળીયાત બાઈ માંગરોળવાળા તરફથી.
૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૯ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા " શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦" ષડાવશ્યક વૃત્તિ નમિશા કૃત " શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૧" પેથડ ઝાંઝડ પ્રબંધ"(સુકૃતસાગર)શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તરફથી.
૧૨" પ્રતિક્રમણ ગર્ભ હેતુ " શા. મનસુખભાઈ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી.
૧૩" સંસ્તારક પ્રકીર્ણ સટીક " શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૪" શ્રાવકધર્મ વિધિ પ્રકરણસટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૫" પ્રાચીન ચારકર્મગ્રંથ ટીકાસાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.
૧૬" ધર્મપરિક્ષા શ્રીજિનમંડન ગણીકૃત" બે શ્રાવિકાઓ તરફથી.
૧૭" સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત ', શા. લલુભાઇ ખુબચંદની વિધવા બેન મેનાબાઈ પાટણવાળા તરફથી.
૧૮" પંચ નિગ્રંથી સાવચૂરિ " ૧૯" પર્યંત આરાધના સાવચૂરિ "
૨૦" પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહની સાવચૂરિ. "
૨૧" બંધોદય સત્તા પ્રકરણ સાવચુરિ "
૨૨" પંચ સંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૩" શ્રાદ્ધ વિધિ " શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા.
૨૪" ષડ્દર્શન સમુચ્ચય ' " "
૨૫" શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ' શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. } બાબુ સાહેબ ચુનીલાલ પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૨૬" બૃહત્ સંઘયણી શ્રી જિનભદ્રગણી. ક્ષમા શ્રમણ કૃત " એક સભા તરફથી,
૨૭" કુમારપાળ મહાકાવ્ય " શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ. ચંદન પાટણવાળા તરફથી.
૨૮" ક્ષેત્ર સમાસટીકા ' શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.
૨૯" કુવલય માલા ( સંસ્કૃત ) '
૩૦" વિજયચંદ્ર કેવળી ચરિત્ર પાટણ નિવાસી બાઈ રૂક્ષમણી તરફથી.
૩૧" વિજ્ઞપ્તિ ત્રિવેણી ' ( અપૂર્વ ઇતીહાસિક ગ્રંથ )

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૨" શ્રાદ્ધગુણ વિવરણ ' ( ભાષાંતર ) વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવાળા તરફથી.
૩૩" બંધ, નિગોદ, પુદ્ગલ પરમાણુ છત્રીશિ ( મૂળ સાથે ભાષાંતર ) એક શ્રાવિકા તરફથી.
૩૪" ચંપકમાળા ચરિત્ર' ( અપૂર્વ ગ્રંથ ) ખાસ સ્ત્રીઓને વાંચવા લાયક ( ભાષાંતર )

ઉપર મુજબના ગ્રંથો તૈયાર થાય છે બીજા ગ્રંથોની યોજના થાય છે, જેના નામો હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

For Private And Personal Use Only